ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2022/3747-91
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. 05/05/2022

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- વધ-ઘટ કેમ્પ અને વિકલ્પ કેમ્પનું આયોજન કરવા બાબત.
સંદર્ભઃ- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃપીઆરઈ/112019/સીસી-62/ક તા.04/05/2022

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, SCA No. 3255/2019 અને સંલગ્ન કોર્ટકેસોના તા.25/08/2021 ના ચુકાદા અન્વયે વધ-ઘટ કેમ્પ પહેલા વિકલ્પ કેમ્પ કરવા બાબતે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રથી મંજૂરી આપવામાં આવેલ છે. જે અનુસાર ચાલુ વર્ષે નીચે જણાવેલ તારીખોમાં શિક્ષણ વિભાગના તા.01/04/2022 ના બદલી ઠરાવની જોગવાઈઓ અનુસાર વિકલ્પ કેમ્પ અને વધ-ઘટ કેમ્પનું આયોજન કરવાનું રહેશે.

(1) વિકલ્પ કેમ્પઃ- તા.09/05/2022 થી તા.16/05/2022

(2) વધ-ઘટ કેમ્પઃ- તા.17/05/2022 થી તા.25/05/2022

વધુમાં, SCA No. 3255/2019 અને સંલગ્ન કોર્ટકેસોના તા.25/08/2021 ના ચુકાદાની વિગતો અનુસાર માત્ર સંલગ્ન પીટીશનરોના કિસ્સામાં જ વધ-ઘટ કેમ્પ-2020 માં તા.26/10/2020 ના ઠરાવ મુજબ શિક્ષકની સિનીયોરીટી વિકલ્પ લીધેલ તારીખ ધ્યાને લીધેલ હતી તેના સ્થાને મૂળ શાળામાં દાખલ તારીખ ધ્યાને લઈ સિનીયોરીટી ગણવાની રહેશે. જેની નોંધ લેશો.

મુખ્ય શિક્ષક વધ-ઘટ કેમ્પ 2019 બાદ અલગ અલગ જિલ્લાના મુખ્ય શિક્ષકો દ્વારા નામ.હાઈકોર્ટ ખાતે પીટીશનો દાખલ કરેલ છે જેમાંથી કેટલાક કેસોમાં નામ.હાઈકોર્ટ દ્વારા સ્ટે આપેલ હોઈ હાલ મુખ્ય શિક્ષકની ચોખ્ખી ખાલી જગ્યાઓ ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોઈ તા.01/04/2022 ના બદલી ઠરાવ મુજબ મુખ્ય શિક્ષકોની કોઈપણ પ્રકારની બદલીની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ નથી. જેથી હાલ મુખ્ય શિક્ષકના કોઈપણ પ્રકારના બદલી કેમ્પ યોજવાના રહેશે નહીં.

ઓનલાઈન આંતરિક જિલ્લાફેર બદલીની સૂચનાઓ હવે પછી આપવામાં આવશે.

(ડૉ.એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

E:\Ofc Work\2022\Letter_2022.doc 9-Nov-21_148

Scanned with CamScanner